श्री

मुहूर्त्त मुक्तावली,

तथा

प्रश्नपयोनिधि.

[मूळ अने भाषान्तर.]

લખનાર

કલ્યાણજી રણછોડજી વ્યાસ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણદરવાજે—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ.

સંવત્ ૧૯૫૬ સન ૧૯૦૦

नासांवत्सरिकेदेशे वस्तव्यंभूति मिच्छता ।
चक्षुर्भूतोहियत्रैस पापं तत्रन विद्यते ॥
न सांवत्सरपाठीच नरकेरूप पद्यते ।
ब्रह्मलोक प्रतिष्ठांच लभते दैव चिंतकः ॥

AHMEDABAD.
Printed at the " Diamond Jubilee " Printing Press.

अनुक्रम.

—:*:—

વિષય.	પૃષ્ઠ.
મંગલાચરણ.	૧
:વ પ્રતિષ્ઠાનું મુહૂર્ત્ત.	૨
ગોક્રય-વિક્રય-મુહૂર્ત્ત.	,,
હાથી, ઘોડા તથા રથમાં બેસવાનુંમુહૂર્ત્ત	૩
રાજ્યાભિષેક મુહૂર્ત્ત.	,,
કુવા તથા વાવ ખોદાવવાનું મુહૂર્ત્ત.	,,
જળોત્સર્ગ કર્મ મુહૂર્ત્ત.	૪
ગૃહારંભ મુહૂર્ત્ત.	,,
બારશાખનું મુહૂર્ત્ત.	૫
ઘર પ્રવેશ મુહૂર્ત્ત.	,,
વિદ્યારંભ મુહૂર્ત્ત.	૬
યાત્રા મુહૂર્ત્ત.	,,
વસ્ત્ર ધારણ કરવાનું મુહૂર્ત્ત.	૭
કુરચક.	,,
હળ ખેડવાનું મુહૂર્ત્ત	૮
બીજ વાવવાનું મુહૂર્ત્ત.	,,
લેણુ દેણનું મુહૂર્ત્ત.	,,
વિ..ત્ર સાધનાનું મુહૂર્ત્ત.	૯
જળ પૂજન મુહૂર્ત્ત.	,,
ગાડી ચલાવવાનું મુહૂર્ત્ત.	૧૦
પરબનું મુહૂર્ત્ત.	,,
પુત્ર મહોત્સવ મુહૂર્ત્ત	૧૧
વિવાહ મુહૂર્ત્ત.	,,
વધુ પ્રવેશ મુહૂર્ત્ત.	,,
ઋતુદાન મુહૂર્ત્ત.	૧૨
અધરણીનું મુહૂર્ત્ત.	,,
બાળકને અન્ન પ્રાશન કરાવવાનુંમુહૂર્ત્ત.	૧૩
બાળકના કાન વિંધવાનું મુહૂર્ત્ત.	,,
બાળમોવાળા ઉતરાવવાનું મુહૂર્ત્ત.	૧૪
ઘોડીયામાં બાળકને પોઢાડવાનું મુહૂર્ત્ત.	,,
અગ્નિહોત્ર અંગિકાર કરવાનું મુહૂર્ત્ત.	૧૫
વસ્ત્ર મુહૂર્ત્ત.	,,
યજ્ઞોપવીત મુહૂર્ત્ત.	૧૬
ઋગ્વેદી અને યજુર્વેદીય બ્રાહ્મણને જનોઈ પેહેરવાનું મુહૂર્ત્ત.	,,
સામવેદી અને અર્થવવેદીયને જનોઇ પેહેરવાનું મુહૂર્ત્ત.	૧૭
નાટયારંભ મુહૂર્ત્ત.	,,
રાજાને સંન્યાસ લેવાનું મુહૂર્ત્ત	,,
બગીચો કરવાનું મુહૂર્ત્ત.	૧૮
દ્રોહ કરવાનું મુહૂર્ત્ત.	,,
યુદ્ધ મુહૂર્ત્ત.	,,
જુગારનું મુહૂર્ત્ત.	૧૯
ચોરી કરવાનું મુહૂર્ત્ત.	,,
નવા શહેરમાં પ્રવેશ કરવાનું મુહૂર્ત્ત.	,,
દ્રવ્ય સંચયનું મુહૂર્ત્ત.	૨૦
મલ્લયુદ્ધનું મુહૂર્ત્ત.	,,
મેહેલ બનાવવાનું મુહૂર્ત્ત.	,,

વિષય.	પૃષ્ટ.
બગીચામાં વેલા તથા ઔષધી રોપવાનું મુહૂર્ત.	૨૧
હથિયાર ધારણ કરવાનું મુહૂર્ત.	૨૧
વ્યાપાર કરવાનું મુહૂર્ત.	૨૨
બાળકને સૂર્ય દર્શન કરાવવાનું મુહૂર્ત.	,,
બાળકને ધવરાવવાનું મુહૂર્ત.	,,
નવા ઘરમાં પ્રવેશ કરવાનું મુહૂર્ત.	૨૩
મંથન કરવાનું મુહૂર્ત.	,,
પ્રસ્થાન કાળે સ્થાપન કરવાની વસ્તુઓ	,,
ગાય-ભેંસ-આદિના પ્રસુતકાળનું ફળ	૨૪
રાશિના વર્ગોત્તમ.	,,
પ્રાફ્યળ સંક્રમણનું ફળ.	,,
મૃત્યુ કાર્યનું મુહૂર્ત.	૨૫
પ્રશ્ન પયોનિધિ.	
મંગલાચરણ.	૨૬
ગ્રન્થની ઉત્કૃષ્ટતા.	,,
સંજ્ઞા.	,,
ધ્વજાદિકના સ્વામી.	૨૭
છે વા નથી તે પ્રશ્ન.	,,
ધાતુ, મૂલ અને જીવ પ્રશ્ન.	,,
ધાતુનો નિર્ણય.	૨૮
ભૂષણ પ્રશ્ન.	,,
મૂળ પ્રશ્ન નિર્ણય.	૨૯
મુષ્ટિગત વસ્તુ વર્ણ પ્રશ્ન.	,,
જીવ પ્રશ્ન.	૩૦
ગર્ભમાં પુત્ર છે કે પુત્રી.	,,

વિષય.	પૃષ્ટ.
આયુ પ્રશ્ન.	,,
લાભાલાભ પ્રશ્ન.	,,
પ્રવાસ કુશલાકુશલ પ્રશ્ન.	૩૧
ચરસ્થિર પ્રશ્ન.	,,
આગમન પ્રશ્ન.	,,
કેટલે દિવસે આવશે વા કેટલે દિવસે કાર્ય થશે.	૩૨
ગત વસ્તુ લાભાલાભ પ્રશ્ન.	,,
કઇ દિશામાં વસ્તુ ગયેલી છે.	૩૩
કયા સ્થાનમાં વસ્તુ ગયેલી છે.	,,
ચોરજાતિ જ્ઞાન પ્રશ્ન.	,,
દાન પ્રશ્ન.	૩૪
દેવ પુજા પ્રશ્ન.	,,
સત્યાસત્ય પ્રશ્ન.	,,
જયાજય પ્રશ્ન.	૩૫
વૃષ્ટિ પ્રશ્ન.	
કેટલા દિવસમાં વૃષ્ટિ થશે?	
વ્યવહાર પ્રશ્ન.	
નૌકા પ્રશ્ન.	
રાજ્યપ્રાપ્તિ પ્રશ્ન.	
અધિકાર પ્રાપ્તિ પ્રશ્ન.	
ગ્રામ પ્રાપ્તિ પ્રશ્ન.	
સ્ત્રી લાભ પ્રશ્ન.	
કાર્ય સિદ્ધિ પ્રશ્ન.	૩૮
કેદી છુટશે કે નહિ તે પ્રશ્ન.	,,
કેદી કેટલે દિવસે છૂટશે?	,,

श्री नीलकंठाचार्य कृत.

मुहूर्त्तमुक्तावलि.

[मूळ अने भाषान्तर.]

મંગળાચરણ.

श्रीशंश्रीहरशारदांगणपतिंब्रह्मेंद्रनाकौकसः
श्रीसूर्यप्रमुखान्ग्रहानृषिगणान्भक्त्यानमस्कृत्यतान् ॥
नानाग्रन्थसमस्तसारमखिलानालोक्यसम्यग्धिया
वक्ष्येहंशिशुबोधनायप्रविदां मुहूर्तमुक्तावलिम् ॥ १ ॥

શ્રી–લક્ષ્મીના ઈશ વિષ્ણુ, શ્રી સદાશિવજી, દેવી એવાં સરસ્વતી, ગણેશ, બ્રહ્મા, ઈન્દ્ર, તેત્રીશકરોડ દેવતા, સૂર્ય–આદિ નવગ્રહ, અને અઠયાસીહજાર ઋષિ સમૂહ, એ સર્વને ભક્તિપૂર્વક નમસ્કાર કરી, અનેક પ્રકારના, ગ્રન્થોના સકળ સારને સારી રીતે બુદ્ધિ દ્વારા જોઈને, બાળકોના બોધને માટે, વિદ્વાનોએ કહેલી '**मुहूर्त्त मुक्तावली**' મુહૂર્તરૂપી મોતીની પંક્તિ **અર્થાત** જેમાં એક પછી એક મુહૂર્તની યોજના છે, તેને હું કહું છું. ૧

अथप्रतिष्ठामुहूर्तः ।

माघादौपञ्चमासेशशिधवलगतेशुक्रसौम्येन्दुजीवे
वारेपूर्णाजयाख्यातिथिवृषहरिभेवृश्चिकेकुम्भलग्ने ॥

धातापुष्योत्तरात्रिर्मृगस्वादितिकरेत्वासवेमूलमैत्रे
पौष्णाश्विन्यानिलर्क्षैस्त्रिदशगुरुबलेस्थापनंत्वाप्रतिष्ठा ॥ २ ॥

[દેવ પ્રતિષ્ઠાનું મુહૂર્ત્ત.]

માહ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ અને જ્યેષ્ઠ એ પાંચ માસ પૈકી ગમે તે માસ, શુકલપક્ષમાં, શુક્ર, બુધ, સોમ તથા ગુરૂ એ વાર પૈકી ગમે તે વાર, પાંચમ, દશમ, પૂર્ણીમા, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિઓ પૈકી ગમે તે તિથિ, વૃષ, સિંહ, વૃશ્ચિક અને કુંભ એ ચાર લગ્ન પૈકી ગમે તે લગ્ન, રોહિણી, પુષ્ય, ત્રણ ઉત્તરા–ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની અને ઉત્તરાભાદ્રપદ, મૃગશિર, હસ્ત, ધનિષ્ઠા, મૂળ, અનુરાધા, રેવતી, અશ્વિની અને સ્વાતી એ નક્ષત્રો પૈકી ગમે તે નક્ષત્ર, અને બૃહસ્પતિના બળમાં મૂર્ત્તિની સ્થાપના–પ્રતિષ્ઠા કરવી. ૨

अथगोक्रयविक्रयमुहूर्तः ।

वरुणवासवशक्राद्दिदैवतंत्वदितिपूषणपुष्यकराश्विनी ॥
गुरुभृगोर्दिनपूर्णजयातिथौसुरभिविक्रयणंक्रयसिध्यति ॥३॥

[ગોક્રય-વિક્રય-મુહૂર્ત્ત.]

શતભિષા, ધનિષ્ઠા, જ્યેષ્ઠા, વિશાખા, પુનર્વસુ, રેવતી, પુષ્ય, હસ્ત, અને અશ્વિની એ નક્ષત્રોમાં ગુરૂ તથા શુક્રવારે, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિઓમાં ગાય વેચવી અથવા લેવી એ સિદ્ધિને પામે છે. ૩

अथगजाश्वरथारोहणमुहूर्तः ।

पौष्णद्वयंश्रवणतस्त्रयसंज्ञकंचहस्तत्रयंत्वदितिभंद्वितयंततश्च ॥
वारेऽपिचन्द्रभृगुजीवबुधेतथैवह्यारोहणंगजतुरंगरथादिकस्य ॥४॥

(હાથી, ઘોડા તથા રથમાં બેસવાનું મુહૂર્ત્ત.)

રેવતી, અશ્વિની, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, પુનર્વસુ અને પુષ્ય એ નક્ષત્રોમાં સોમ, શુક્ર, ગુરૂ અને બુધ એ વારોમાં હાથી, ઘોડા અને રથમાં બેસવું એ ઉત્તમ છે. ૪

अथराज्याभिषेकमुहूर्तः ।

पुष्याश्विन्यौमूलब्राह्मोत्तराणिशक्रादित्यौविष्णुमित्रेमृगेच ॥
शुक्रादित्येचन्द्रसोमेज्यवारेपृथ्वीशानांदिव्यपट्टाभिषेकः॥५॥

(રાજ્યાભિષેક મુહૂર્ત્ત.)

પુષ્ય, અશ્વિની, મૂળ, રોહિણી, ત્રણ ઉત્તરા–ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની અને ઉત્તરાભાદ્રપદ, જ્યેષ્ઠા, પુનર્વસુ, શ્રવણ, અનુરાધા અને મૃગશિર એ નક્ષત્રોમાં, શુક્ર, રવિ, સોમ અને ગુરૂ એ વારોમાં રાજાલોકોને દિવ્ય પટ્ટાભિષેક અર્થાત્ રાજ્યગાદીએ બેસાડવા એ ઉત્તમ છે. ૫

अथकूपवापीखननमुहूर्तः ।

शुचौतापसेमाधवेमार्गपौषे करेवारुणेपैत्रमैत्रध्रुवेषु ॥
गुरौचन्द्रशुक्रार्कसोमाख्यवारे जयानन्दभद्रातिथौकूपवापी ॥६॥

(કુવા તથા વાવ ખોદાવવાનું મુહૂર્ત્ત.)

+ માહ, વૈશાખ, માગસર અને પોષ એ માસમાં, હસ્ત, શતભિષા, મઘા, અનુરાધા, ત્રણ ઉત્તરા–ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની અને ઉત્તરાભાદ્રપદ અને રોહિણી એ નક્ષત્રોમાં, ગુરૂ, સોમ, શુક્ર, રવિ અને બુધ એ વારોમાં ત્રીજ, આઠમ, તેરસ, પડવો, છઠ, એકાદશી, બીજ, સાતમ અને બારસ એ તિથિઓમાં કુવા, તળાવ અને વાવ ખોદાવવી ઉચિત્ છે. ૬

+ કોઈ કોઈ પ્રતમાં આષાઢ તથા ફાલ્ગુન–ફાગણ એ બે માસ પણ લખેલા છે.

अथजलोत्सर्गकर्ममुहूर्तः ।

शस्तेतापस्तपसिमधुकेमाधवेमासयागे
मैत्र्यंपूषाध्रुवकसंहितंचार्कभंचादितिश्च ॥
नन्दापूर्णाजयातिथिशुभावासरेचन्द्रजीवे
सौम्येशुक्रेसुखकरजलोत्सर्गकर्म्मप्रकुर्य्यात् ॥७॥

(જળોત્સર્ગ કર્મ મુહૂર્ત.)

માહ, ફાગણ, ચૈત્ર અને વૈશાખ એ માસોમાં, અનુરાધા, રેવતી, ત્રણ–ઉત્તરા ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની અને ઉત્તરાભાદ્રપદ, રોહિણી, હસ્ત, અને પુનર્વસુ એ નક્ષત્રોમાં પ્રતિપદા, છઠ, એકાદશી, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિયોમાં, સોમ, ગુરૂ, બુધ અને શુક્ર એ વારોમાં જળોત્સર્ગ કર્મ કરવું ઉચિત્ છે. ૭

अथगृहारंभमुहूर्तः ।

मासेमार्गेतपसिचनभःपौषवैशाखशुक्रे
नन्दापूर्णाजयातिथिशुभासौम्यजीवेंदुशुक्रे ॥
स्वात्यांपुष्येमृदुध्रुवकरेवारुणेचन्द्रनाम्नि
कुर्याद्गेहंशशिबलशुभेसिंहकुम्भालिलग्ने ॥ ८ ॥

(ગૃહારંભ મુહૂર્ત)

માગસર, માહ, શ્રાવણ, પોષ અને વૈશાખ એ મહિનાઓના શુકલ-પક્ષમાં, પડવો, છઠ, અગ્યારસ, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિઓમાં, બુધ, ગુરૂ, સોમ અને શુક્ર એ વારોમાં, સ્વાતી, પુષ્ય, મૃગશિર, રેવતી, ચિત્રા, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ,

રોહિણી, હસ્ત, શતભિષા, અને મૃગશિર એ નક્ષત્રોમાં ચન્દ્રમાના બળમાં અને સિંહ, કુંભ અને વૃશ્ચિક એ લગ્નોમાં ગ્રહ કરાવવાનો પ્રારંભ કરવો. ૮

अथद्वारशाखामुहूर्तः ।

भवेत्पूष्णिमैत्रेहिपुष्येचशाक्रेकरेदस्त्रचित्रानिलेत्त्रादितौच ॥
गुरौचन्द्रशुक्रार्कसौम्याख्यवारेतिथौनन्दपूर्णाजयाद्वारशाखा ॥९॥

[દ્વારશાખા-બારશાખનું મુહૂર્ત.]

રેવતી, અનુરાધા, પુષ્ય, જ્યેષ્ઠા, હસ્ત, અશ્વિની, ચિત્રા, સ્વાતી અને પુનર્વસુ એ નક્ષત્રોમાં, ગુરૂ, સોમ, શુક્ર, રવિ, અને બુધ એ વારોમાં પડવો, છઠ, અગ્યારસ, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિઓમાં દ્વારાશાખા-બારશાખ બેસાડવાનું હિતકારક છે. ૯

अथगृहप्रवेशमुहूर्तः ।

सत्सौम्यायनगेऽशुमालिनिनभःस्यान्मार्गशीर्षेतथा
पौषेमाधवफाल्गुनेशुभतिथौनन्दाजयापूर्णिका ॥
वारेवाक्पतिभार्गवेन्दुजशनौपूष्णिमृदौभेध्रुवे
स्वात्यांवारुणवासवस्थिरभगेशस्तंगृहेवेशनम् ॥ १० ॥

[ગૃહ-ઘર પ્રવેશ મુહૂર્ત.]

ઉત્તરાયણના સૂર્ય હોય ત્યારે, શ્રાવણ, માગસર, પોષ, વૈશાખ અને ફાગણ એ માસોમાં, એકમ, છઠ, અગ્યારસ, ત્રીજ, આઠમ, તેરસ, પાંચમ, દશમ અને પુનમ એ શુભ તિથિઓમાં, ગુરૂ, શુક્ર, બુધ અને શનિ એ વારોમાં, રેવતી, મૃગશિર, અનુરાધા, ચિત્રા, સ્વાતી, શતભિષા, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉતરાભાદ્રપદ. રોહિણી અને પૂર્વાફાલ્ગુની એ નક્ષત્રોમાં ઘર પ્રવેશ કરવો ઉચિત છે. ૧૦

अथविद्यारंभमुहूर्तः ।

पूर्वात्रिदस्रकरवासववारुणंचचन्द्रर्क्षपञ्चहरमारुतत्वाष्ट्रमूलम् ॥
वारेज्यसौम्यभृगुपूर्णजयाचनन्दाविद्यासुखंसुलभतेहिसमस्तसिद्धिम्

[વિદ્યારંભ મુહૂર્ત.]

ત્રણ પૂર્વા–પૂર્વાષાઢા, પૂર્વાફાલ્ગુની અને પૂર્વાભાદ્રપદ, અશ્વિની, હસ્ત, ધનિષ્ઠા, શતભિષા, મૃગશિર. આદ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, શ્રવણ, સ્વાતી, ચિત્રા અને મૂળ એ નક્ષત્રોમાં, ગુરૂ, બુધ, અને શુક્ર એ વારોમાં પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ, તેરસ, પડવો, છઠ અને એકાદશી એ તિથિઓમાં વિદ્યાનો આરંભ કરે, તો સકળસિદ્ધિ સુખપૂર્વક મળે છે. ૧૧

अथयात्रामुहूर्तः ।

श्रेष्ठंधातृमृगोत्तरानिलहरिश्चित्रादितिक्षिप्रभं
पूषावासवशुक्रजीवशशिजेवारेप्रयाणंहितम् ॥
भद्रापूर्णतिथिश्चश्रेष्ठमतुलंनन्दाजयामध्यमं
रिक्तानिष्टफलंददातिगमनेविष्टिंचपार्तत्यजेत् ॥ १२ ॥

[યાત્રા મુહૂર્ત.]

રોહિણી, મૃગશિર, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ, સ્વાતી, શ્રવણ, ચિત્રા, પુનર્વસુ, હસ્ત, અશ્વિની, પુષ્ય, અભિજીત, રેવતી અને ધનિષ્ઠા એ નક્ષત્રોમાં, શુક્ર, ગુરૂ, અને બુધ એ વારોમાં યાત્રા કરવી, ગામ જવું ઉત્તમ છે. બીજ, સાતમ, બારસ, પાંચમ, દશમ અને પુનમ એ તિથિઓમાં યાત્રા બહુજ શ્રેષ્ઠ છે. પડવો, છઠ, એકાદશી, ત્રીજ, આઠમ, અને તેરસ એ તિથિઓમાં યાત્રા મધ્યમ છે. ચોથ, નોમ અને ચૌદશ

એ તિથિમાં જો યાત્રા કરવામાં આવે તો તે ખરાબ ફળને આપે છે. યાત્રા-ગમનમાં ભદ્રા, વિષ્ટિ અને પાત યોગનો ત્યાગ કરવો. ૧૨

अथरक्तवस्त्रादिधारणमुहूर्तः ।

पौष्णाश्विनीचकरपञ्चकवासवंचशुक्रार्कजीवकुजवारविधौचनूनम् ॥
नन्दाजयाख्यपरिपूर्णतिथौप्रशस्तंदन्ताब्जहेममणिकांचनरक्तवस्त्रम् ॥

[રાતાં વસ્ત્ર-આદિ ધારણ કરવાનું મુહૂર્ત.]

રેવતી, અશ્વિની, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા અને ધનિષ્ઠા એ નક્ષત્રોમાં, શુક્ર, સૂર્ય, ગુરૂ, મંગળ અને સોમ એ વારોમાં તથા પડવો, છઠ, એકાદશી, ત્રીજ, આઠમ, તેરસ, પાંચમ, દશમ અને પુનમ એ તિથિયોમાં હાથીદાંત, શંખ, મણિ, અને સુવર્ણ-આદિની ચુડી તથા લાલ વસ્ત્ર પેહેરવું એ હિતકારક છે. ૧૩

अथकरचक्रः ।

त्रीणिपञ्चतथात्रीणिएकंत्रीणितथैककम् ॥
द्वौसप्ततथाद्वयकंकरचक्रंविधीयते ॥ १४ ॥

[કરચક્ર]

ત્રણ, પાંચ, ત્રણ, એક, ત્રણ એક, બે, સાત અને બે એ પ્રકારે નક્ષત્રોનું કરચક્ર બને છે; અર્થાત્ ધારણ કરવાવાળાનાં અથવા સૂર્યના નક્ષત્રથી દિવસનાં નક્ષત્રને ગણે તેમાં પ્રથમ શુભ અને પછી અશુભ એમ ક્રમવાર જાણવું. ૧૪

अथहलकर्षणमुहूर्तः ।

पक्षस्यादित्रयातिथिहरोपञ्चमीवैदशम्यां
वारेचन्द्रेगुरुकाविवरेपितृक्षिमंह्निदैवम् ॥

मूलंधातामृदुचरमपिज्युत्तराश्चापिवह्निः
कुर्यात्क्षेत्रेहलविधिमथोसर्वमासेप्रदिष्टम् ॥ १५ ॥

[હળ ખેડવાનું મુહૂર્ત.]

પ્રતિપદા, દ્વિતીયા અને તૃતીઆ, બારસ, પાંચમ અને દશમ એ તિથિઓમાં સોમ, ગુરૂ અને શુક્ર એ વારોમાં મઘા, હસ્ત, અશ્વિની, પુષ્ય, અભિજીત્, વિશાખા, મૂળ, રોહિણી, મૃગશિર, રેવતિ, ચિત્રા, અનુરાધા, શ્રવણુ, ધનિષ્ઠા, શતતારકા, પુનર્વસુ, સ્વાતી, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ, અને કૃત્તિકા એ નક્ષત્રોમાં અને સર્વ મહિનાઓમાં હળ જોતરવાનો આરંભ કરવો શુભકારી છે. ૧૫

अथबीजोप्तिमुहूर्तः ।

निऋतिपैत्रमृदुध्रुववासरे पवनक्षिप्रपतङ्गभसार्प्पभे ॥
गुरुकवीशनिपूर्णजयातिथौ विविधबीजसुरोपणमर्थदम् ॥१६॥

[બીજ વાવવાનું મુહૂર્ત.]

મૂળ, મઘા, મૃગશિર, રેવતી, ચિત્રા, અનુરાધા, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ, રોહિણી, ધનિષ્ઠા, સ્વાતી, હસ્ત, અશ્વિની, પુષ્ય, અભિજીત્, પુનર્વસુ અને અશ્લેષા એ નક્ષત્રોમાં બૃહસ્પતિ, શુક્ર, અને શનિ એ વારોમાં અને પાંચમ, દશમ પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિયોમાં અનેક પ્રકારનાં બીજોનું સુંદર પ્રકારે રોપણ (વાવવું) શુભ છે. ૧૬

अथकुसीदमुहूर्तः ।

स्वातीश्विनीचन्द्रभमैत्रचित्रा हस्तानलेचन्द्रबुधेज्यशुक्रे ॥
भद्राजयापूर्णतिथिश्चनन्दा कुसीदकार्य्यंक्रियतेऽर्थसिद्धिः ॥१७॥

[લેણુ દેણુનું મુહૂર્ત.]

સ્વાતી, અશ્વની, મૃગશિર, અનુરાધા, ચિત્રા, હસ્ત અને કૃતિકા, એ

નક્ષત્રોમાં અને સોમ, બુધ, ગુરૂ અને શુક્ર એ વારોમાં, બીજ, સાતમ, બારસ, ત્રીજ, આઠમ, તેરસ, પાંચમ, દશમ, પુનમ, પડવો, છઠ અને એકાદશી એ તિથિઓમાં વ્યાજને માટે પૈસા ધીરવાનો પ્રારંભ કરવો શુભકારી છે. ૧૭

अथमंत्रसाधनारंभमुहूर्तः ।

मासस्याश्विनतोरसैर्हिपुरतःसुश्रावणेमाधवे
भद्रापूर्णत्रयोदशीतिथिरवौशुक्रेन्दुजेथोगुरौ ॥
रोहिण्युत्तरशाक्रशङ्करमरुत्पुष्यद्विवैवाश्विनी
विष्णौचन्द्रबलेसुलग्नसमयेप्रारंभमंत्रस्यवै ॥ १८ ॥

[મંત્ર સાધનાના આરંભનું મુહૂર્ત]

આશ્વિન, કાર્ત્તિક, માગસર, પોષ, માહ, ફાગણ, વૈશાખ અને શ્રાવણ એ મહિનાઓમાં બીજ, સાતમ, બારસ, પાંચમ, દશમ, પુનમ, અને તેરસ એ તિથિઓમાં, રવિ, શુક્ર, બુધ અને ગુરૂ એ વારોમાં, રોહીણી, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ, જ્યેષ્ઠા, આર્દ્રા, સ્વાતી, પુષ્ય, વિશાખા, અશ્વિની અને શ્રવણ એ નક્ષત્રોમાં, ચન્દ્રમાના બળમાં, સુંદર લગનમાં મંત્રનો આરંભ શુભકારી છે. ૧૮

अथजलपूजनमुहूर्तः ।

यमसलिलपमैत्रेमारुतेशाक्रसार्प्पे
वसुभगजलधिष्ण्यत्रीणिपूर्वाख्यसंज्ञे ॥
जयतिथिशुभपूर्णानन्दभद्रासुवारे
शशिगुरुभृगुपुत्रेपूजनंजीवनस्य ॥ १९ ॥

[જળપૂજન મુહૂર્ત.]

ભરણી, શતભિષા, અનુરાધા, સ્વાતી, જયેષ્ઠા, અશ્લેષા, ધનિષ્ઠા, ઉત્ત-

રાફાલ્ગુની, ઉત્તરાષાઢા, પૂર્વાષાઢા, પૂર્વાફાલ્ગુની, અને પૂર્વાભાદ્રપદ એ નક્ષત્રોમાં, ત્રીજ, આઠમ, તેરસ, પાંચમ, દશમ, પુનમ, પડવો, છઠ, એકાદશી બીજ, સાતમ, અને બારસ એ તિથિઓમાં અને સોમ, ગુરૂ અને શુક્ર એ વારોમાં જળપૂજનનું મુહૂર્ત્ત શુભકારી છે. ૧૯

अथशकटादिचालनमुहूर्तः ।

अदितिक्षिप्रभसार्कमृदौतथाभृगुसुवाक्पतिपूर्णजयातिथौ ॥
शकटनावसुखासनदोलकाभ्रमणमेवमथोशुभसिद्धिदम् ॥ २० ॥

[શકટ–ગાડી, આદિને પ્રથમ ચલાવવાનું મુહૂર્ત્ત,]

પુનર્વસુ, હસ્ત, અશ્વિની, પુષ્ય, અભિજીત્, મૃગશિર, રેવતી, ચિત્રા અને અનુરાધા, એ નક્ષત્રોમાં શુક્ર, ગુરૂ, અને રવી એ વારોમાં અને પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિઓમાં ગાડી, વાહાણ, પાલખી અને હિંડોળા–આદિ ચલાવવાનું મુહૂર્ત્ત શુભ છે. ૨૦

अथप्रपामुहूर्तः ।

मृगंवारुणंसध्रुवंचानुराधाजलंरेवतीनन्दपूर्णाजयाच ॥
तिथौचन्द्रशुक्रेन्दुजेज्याख्यवारेमहत्सौख्यदंचप्रपारंभकार्य्यम् ॥२१॥

[પરબનું મુહૂર્ત્ત.]

મૃગશિર, શતભિષા, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ, રોહિણી, અનુરાધા, પૂર્વાષાઢા અને રેવતીએ નક્ષત્રોમાં, પડવો, છઠ, એકાદશી, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિઓમાં તથા સોમ, શુક્ર, બુધ અને ગુરૂ એ વારોમાં પરબ કરવાનું મુહૂર્ત્ત શુભકારી છે. ૨૧

अथपुत्रमहोत्सवमुहूर्तः ।

हस्तादिपञ्चकतुरंगमभंधनिष्ठामार्तण्डमङ्गलगुरुभृगुवासरेच ॥
नंदाचभद्रजयपूर्णवृषालिकुम्भेसिंहेसुखंभवतिपुत्रमहोत्सवेच ॥ २२ ॥

[પુત્ર મહોત્સવ મુહૂર્ત]

હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, અશ્વિની અને ધનિષ્ઠા એ નક્ષત્રોમાં, રવિ, મંગળ, ગુરૂ અને શુક્ર એ વારોમાં, પડવો, છઠ, એકાદશી, બીજ, સાતમ, બારસ, ત્રીજ, આઠમ, તેરસ, પાંચમ, દશમ અને પુનમ એ તિથિઓમાં અને વૃશ્ચિક, કુંભ અને સિંહ એ લગ્નોમાં પુત્ર મહોત્સવ કરવો શુભકારી છે. ૨૨

अथविवाहमुहूर्तः ।

षण्मासास्तपपूर्वकास्तिथिजयाभद्राचपूर्णातथा
रिक्तानन्दसमस्तवासरशुभेसौम्यायनेर्केवरे ॥
मूलंपैत्रभरेवतीशशिकरेस्वात्युत्तरारोहिणी
मैत्रेस्यान्मृगलोचनाकरतलेसंपीडनंसिद्धिदम् ॥ २३ ॥

[વિવાહ મુહૂર્ત]

માહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ, અને આષાઢ એ મહિનાઓમાં ત્રીજ, આઠમ, તેરસ, બીજ, સાતમ, બારસ, પાંચમ, દશમ, પુનમ, ચોથ, નોમ, ચૌદશ, પડવો, છઠ અને એકાદશી એ તિથિઓમાં અને સર્વવારોમાં, ઉત્તરાયણના સૂર્યહોય ત્યારે, અને મૂળ, મઘા, રેવતી, મૃગશિર, હસ્ત, સ્વાતી, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ, રોહિણી અને અનુરાધા એ નક્ષત્રોમાં સ્ત્રી પુરૂષનો વિવાહ કરવો શુભ છે, ૨૩

अथ वधूप्रवेशमुहूर्तः ।

मृदुध्रुवंवासवपुष्यमूलंमघानिलौविष्णुकराश्विनीच ॥
शुक्रेन्दुजीवार्कजयाचपूर्णानन्दाप्रशस्ताहिवधूप्रवेशे ॥ २४ ॥

[વધૂપ્રવેશ મુહૂર્ત]

મૃગશિર, રેવતી, ચિત્રા, અનુરાધા, ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરા-

ભાદ્રપદ, રોહિણી, ધનિષ્ઠા, પુષ્ય, મૂળ, મઘા, સ્વાતી, શ્રવણ, હસ્ત અને અશ્વિની એ નક્ષત્રોમાં શુક્ર, સોમ, ગુરૂ, અને રવિ એ વારોમાં ત્રીજ; આઠમ, તેરસ, પાંચમ, દશમ, પુનમ, પડવો, છઠ અને એકાદશી એ તિથિઓમાં વહુને તેડી લાવી ઘરમાં પ્રવેશ કરાવવો શુભ છે. ૨૪

अथऋतुदानमुहूर्तः ।

त्यक्त्वाचतुष्टयनिशाःशुभपञ्चमेऽह्नि
पुत्रोपपत्तिनिशिचेत्कृतवेदधिष्ण्ये ॥
चन्द्रेज्यशुक्रतिथिनन्दिकयापिभद्रा
पुत्रप्रदोभवतिवैऋतुदानमेतत् ॥ २५ ॥

[ઋતુદાન મુહૂર્ત.]

જે દિવસે રજસ્વળા થાય તે દિવસથી ચાર રાત્રિનો ત્યાગ કરી, શુભ રૂપ પાંચમે દિવસે, પુત્રની સિદ્ધિ થાય એવે દિવસે રોહિણી નક્ષત્રમાં સોમ, ગુરૂ અને શુક્ર એ વારોમાં અને પડવે, છઠ, એકાદશી, બીજ, સાતમ અને બારસ એ તિથિઓમાં ઋતુદાન અર્થાત્ સ્ત્રી સાથે સંભોગ કરવો આ પ્રમાણે ઋતુદાન આપવાથી પુત્ર ઉત્પન્ન થાય છે. ૨૫

अथसीमंतमुहूर्तः ।

मासेषष्ठाष्टमेवामृगकरहरिभेमूलपुष्यादितिश्च
नन्दापूर्णाजयातिथिशुभाभूसुतेऽर्केज्यवारे ॥
त्यक्त्वागंडान्तभद्रागरकरणमथोवज्रविष्कंभकश्च
कुर्यात्सीमन्तकार्यंशशिबलशुभेकर्कचापालिलग्ने ॥ २६ ॥

અઘરણીનું મુહૂર્ત.

છઠ્ઠે અથવા આઠમે મહિને, મૃગશિર, હસ્ત, શ્રવણ, મૂળ, પુષ્ય અને

પુનર્વસુ, એ નક્ષત્રોમાં, પડવો, છઠ, એકાદશી, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ આઠમ અને તેરસ એ તિથિઓમાં, મંગળ, રવિ. અને ગુરૂ એ વારોમાં અને ગંડાંત, ભદ્રા, ગરકરણ, વજ્ર, અને વિષ્કુંભ યોગ એઓનો ત્યાગ કરી ચન્દ્રમાના સુંદર બળમાં અને કર્ક, ધન અને વૃશ્ચિક એ લગ્નોમાં સીમન્તનું કાર્ય કરવું. ૨૬

अथबालान्नप्राशनमुहूर्तः।

नराणांचषष्ठाष्टमेशस्तमासे ध्रुवेवाजिहस्तेमृदौवैष्णवेच ॥
गुरुज्ञार्कवारेन्दुशुक्लेचपक्षे जयानन्दपूर्णाशिशुप्राशनंसत् ॥२७॥

[બાળકને અન્ન પ્રાશન કરાવવાનું મુહૂર્ત.]

બાળકના જન્મથી છઠા તથા આઠમા મહિનામાં, ત્રણ ઉત્તરા-ઉત્તરા પાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ, રોહિણી, અશ્વિની, હસ્ત, મૃગશિર, રેવતી, ચિત્રા, અનુરાધા અને શ્રવણ એ નક્ષત્રોમાં, ગુરૂ, બુધ, રવિ, અને સોમ એ વારોમાં, શુક્લપક્ષમાં અને ત્રીજ, આઠમ, તેરસ, પડવો, છઠ, એકાદશી, પાંચમ, દશમ અને પુનમ, એ તિથિઓમાં બાળકને અનાજ ખવરાવવાનું મુહૂર્ત શુભ છે. ૨૭

अथबालकर्णवेधनमुहूर्तः।

गर्भाद्वर्षतृतीयपञ्चप्रथमेमासेमधौकार्तिके
पौषेवासौम्यवारेभृगुगुरुजयानन्दभद्रातिथिश्च ॥
पूर्णास्यात्तिथिदस्रमैत्रशशिभेहस्तद्वयेचादिभे
रेवत्युत्तरपुष्यवासवयुतेकर्णस्यवेधःशुभः ॥ २८ ॥

બાળકના કાન વિંધવાનું મુહૂર્ત.

ગર્ભથકી, પેહેલા, ત્રીજા, અને પાંચમા વર્ષમાં, ચૈત્ર, કાર્તિક અને પોષ એ મહિનામાં, બુધ, શુક્ર, અને ગુરૂ એ વારોમાં, ત્રીજ, આઠમ,

તેરસ, પડવો, છઠ, એકાદશી, બીજ, સાતમ, બારસ, પાંચમ, દશમ, અને પુનમ એ તિથિયોમાં, અશ્વિની, અનુરાધા, મૃગશિર, હસ્ત, સ્વાતિ, રેવતી, ત્રણે ઉત્તરા, પુષ્ય, અને ધનિષ્ઠા એ નક્ષત્રોમાં બાળકને કાન વિંધાવવો શુભછે.

अथमुण्डनमुहूर्तः।

पौष्णचन्द्रभपुनर्वसुपुष्यशाक्रशङ्करहयंचविशाखा ॥
पञ्चसप्तदशमीद्विजयाचक्षौरकर्मविधिरुक्ततरश्च ॥ २९ ॥

[બાળમોવાળા ઉતરાવવાનું મુહૂર્ત્ત.]

રેવતી, મૃગશિર, પુનર્વસુ, પુષ્ય, જ્યેષ્ઠા, આર્દ્રા, અશ્વિની, અને વૈ-શાખ, એ નક્ષત્રોમાં પાંચમ, સાતમ, દશમ, ત્રીજ, આઠમ, અને તેરસ એ તિથિઓમાં બાળકનું ક્ષૌર-મુંડન કરાવવું શુભ છે. ૨૯

अथबालान्दोलनमुहूर्तः।

हरिद्वयंचादितिभद्वयश्चकरत्रयंरेवतिरश्विनीच ॥
सौम्येज्यशुक्रेजयनन्दभद्रासंदोलनंस्याच्चशिशोःप्रशस्तम् ॥३०॥

[ઘોડીયામાં બાળકને પોઢાડવાનું મુહૂર્ત્ત.]

શ્રવણ, ધનિષ્ઠા, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, અનુરાધા, રેવતી અને અશ્વિની એ નક્ષત્રોમાં, બુધ, ગુરૂ, અને શુક્ર, એ વારોમાં ત્રીજ, આઠમ, તેરસ, પડવો, છઠ, એકાદશી, બીજ, સાતમ, અને બારસ એ તિથિઓમાં બાળકને ઘોડીયામાં ઝુલાવવાનું મુહૂર્ત્ત શુભ છે. ૩૦

अथाग्न्याधानमुहूर्तः।

मासेभाद्रमघौशुचौनभसिवैवैशाखशुक्रेऽब्जुके
मस्ते फाल्गुनिकेतथासितदलेशुक्रज्ञजीवेषुच ॥

ऋक्षंक्षिप्रमृदुध्रुवंसदहनंशाक्रादितेयान्वितं
भद्रानन्दाजयाख्यातिथिषुचशुभंह्यग्निआधानकंच ॥ ३१ ॥

[અગ્નિહોત્ર અંગિકાર કરવાનું મુહૂર્ત.]

ભાદરવો, ચૈત્ર, અષાઢ, શ્રાવણ, વૈશાખ, જેઠ, કારતક, અને ફાગણ, એ મહિનાઓમાં, શુકલ પક્ષમાં, શુક્ર, બુધ, અને ગુરૂ એ વારોમાં, હસ્ત, અશ્વિની, પુષ્ય, અભિજીત, મૃગશિર, રેવતી, ચિત્રા, અનુરાધા, કૃતિકા, જ્યેષ્ઠા અને પુનર્વસુ એ નક્ષત્રોમાં અને બીજ, સાતમ, બારસ, ત્રીજ, આઠમ, તેરસ, પડવો, છઠ, અને એકાદશી એ તિથિઓમાં અગ્નિહોમ અંગિકાર કરવું શુભ છે. ૩૧

अथवस्त्रमुहूर्तः ।

पौष्णादित्येवासवंहस्तपञ्च धातास्वृक्षंदस्रपुष्योत्तरासु ॥
सौम्येशुक्रेवाक्पतौनन्दभद्रा पूर्णानाम्निवस्त्रकार्य्यंजयासु ॥३२॥

[વસ્ત્ર મુહૂર્ત.]

રેવતી, પુનર્વસુ, ધનિષ્ઠા, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, રોહિણી, અશ્વિની, પુષ્ય, અને ત્રણે ઉત્તરા એ નક્ષત્રોમાં, બુધ, શુક્ર, અને બૃહસ્પતિ–ગુરૂ એ વારોમાં અને પ્રતિપદા, છઠ, અગ્યારસ, બીજ, સાતમ, બારસ, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ, એ તિથિયોમાં વસ્ત્રકાર્ય શુભકારી છે. ૩૨

अथयज्ञोपवीतमुहूर्तः ।

आधानाष्टमवर्षकेदशरवौविप्रस्यराज्ञोविशो
माघादीनांकिलमासपञ्चकमिदंकर्मोपवीतेनृणाम् ॥
पूषादस्रकरत्रयेशशिहरौपुष्यादितौवासवे
भूपुत्रेगुरुशुक्रसौम्यदिवसेनन्दाचपूर्णाजया ॥ ३३ ॥

[યજ્ઞોપવીત મુહૂર્ત.]

બ્રાહ્મણને ગર્ભથકી આઠમે વર્ષે, ક્ષત્રિયને દશમે વર્ષે, વૈશ્યને બારમે વર્ષે, યજ્ઞોપવીતને અધિકાર છે. તે માહ, ફાગણ, ચૈત્ર, વૈશાખ, અને જેઠ એ મહિનાઓમાં, રેવતી, અશ્વિની, હસ્ત, ચિત્રા, સ્વાતી, મૃગશિર, શ્રવણ પુષ્ય, પુનર્વસુ, અને ધનિષ્ઠા એ નક્ષત્રોમાં, મંગળ, ગુરૂ, શુક્ર, અને બુધ, એ વારોમાં અને પડવો, છઠ, એકાદશી, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ આઠમ, અને તેરસ એ તિથિયોમાં યજ્ઞોપવીત–જનોઇ આપવું શુભ છે. ૩૩

अथऋग्वेदीययजुर्वेदीयद्विजयज्ञोपवीतमुहूर्तः ।

हस्तत्रयेभुजगशङ्करविष्णुपूर्वा
मूलेषुऋग्बटुवरंगुरुवासरेच ॥
पौष्णादितिद्रुहिणपुष्यशशाङ्कहस्त
मैत्रोत्तरासुयजुषांगुरुवासरेच ॥ ३४ ॥

[ઋગ્વેદી અને યજુર્વેદીય બ્રાહ્મણોને જનોઇ પેહેરવાનું મુહૂર્ત.]

હસ્ત, ચિત્રા, સ્વાતી, અશ્લેષા, આર્દ્રા, શ્રવણ, ત્રણે પૂર્વા અને મૂળ એ નક્ષત્રોમાં અને ગુરૂવારે ઋગ્વેદવાળાઓને જનોઇ ધારણ કરવું શુભ છે. અને રેવતી, પુનર્વસુ, રોહિણી, પુષ્ય, મૃગશિર, હસ્ત, અનુરાધા અને ત્રણે ઉત્તરા એ નક્ષત્રોમાં તથા બૃહસ્પતિ–ગુરૂવારે યજુર્વેદવાળાઓને જનોઇ ધારણ કરવું શુભ છે. ૩૪

अथसामवेदीयाथर्ववेदीयद्विजयज्ञोपवीतमुहूर्तः ।

पुष्योत्तराहरिभवासवशाक्रहस्त
दस्रेकुजेह्निनयनंखलुमासगानाम् ॥
त्वष्टादितीवसुभमारुतमैत्रहस्त
गोविन्ददस्रशशिजेह्निअथर्वगानाम् ॥ ३५ ॥

[સામવેદી અને અથર્વ વેદીયને જનોઇ પેહેરવાનું મુહૂર્ત.]

પુષ્ય, ત્રણે ઉત્તરા, શ્રવણ, ધનિષ્ઠા, જ્યેષ્ઠા, હસ્ત, અને અશ્વિની, એ નક્ષત્રોમાં અને મંગળવારે સામવેદીયને જનોઈ ધારણ કરવાનું શુભ મુહૂર્ત છે. તથા ચિત્રા, પુનર્વસુ, ધનિષ્ઠા, સ્વાતી, અનુરાધા, હસ્ત, શ્રવણ અને અશ્વિની એ નક્ષત્રોમાં અને બુધવારે અથર્વ વેદીયને જનોઈ ધારણ કરવાનું શુભ મૂહૂર્ત છે. ૩૫

अथनाट्यारंभमुहूर्तः ।

वासवंवरुणंपुष्यंशाक्रमैत्रोत्तराकरम् ॥
तिथिर्नन्दाचपूर्णाचनाट्यारम्भोभृगोर्दिने ॥ ३६ ॥

[નાટ્યારંભ મુહૂર્ત.]

ધનિષ્ઠા, શતભિષા, પુષ્ય, જ્યેષ્ઠા, અનુરાધા, ત્રણે ઉત્તરા અને હસ્ત એ નક્ષત્રોમાં અને પડવો, છઠ, અગ્યારસ, પાંચમ, દશમ અને પુનમ, એ તિથિઓમાં અને શુક્રવારે નાટ્યનો આરંભ શુભ છે. ૩૬

अथराजन्यसंन्यासाश्रमधारणमुहूर्तः ।

पुष्योत्तरात्रीणिचचन्द्ररक्षः पौष्यानुराधाकरवासवंच ॥
तिथिस्तुपूर्णार्कजजीववारे संन्यासकार्यंनृपपुंगवानाम् ॥ ३७ ॥

[રાજાને સંન્યાસ લેવાનું મુહૂર્ત]

પુષ્ય, ત્રણે ઉત્તરા, મૃગશિર, મૂળ, રેવતી, અનુરાધા, હસ્ત, અને ધનિષ્ઠા, એ નક્ષત્રોમાં, પાંચમ, દશમ અને પુનમ એ તિથિઓમાં શનિ. અને ગુરૂવારે રાજાઓને સંન્યાસ લેવાનું મુહૂર્ત શુભ છે, ૩૭

अथवाटिकारोपणमुहूर्तः ।

शक्रमैत्रमृमपुष्यकराश्वि रेवतीषुगुरुचन्द्रवासरे ॥
विष्टिमृत्युपरिहायसर्वशो वाटिकादिकरणंनसंशयः ॥ ३८ ॥

[બગીચો કરવાનું મુહૂર્ત.]

જ્યેષ્ઠા, અનુરાધા, મૃગશિર, પુષ્ય, હસ્ત, અશ્વિની અને રેવતી એ નક્ષત્રોમાં, સોમ અને ગુરૂવારે મૃત્યુયોગ અને સર્વ પ્રકારથી વિષ્ટિનો ત્યાગ કરીને બગીચા આદિ કરવા એ ઉત્તમ છે, એમાં સંશય નથી. ૩૮

अथद्रोहकार्यमुहूर्तः ।

पूर्वास्तिस्रःसर्पयुग्मान्तकंचविष्णुश्चित्रावासवोरुद्रधिष्ण्यम् ॥
भूपुत्रार्केभार्गवेसूर्यवारेरिक्तानन्दाद्रोहकार्यंप्रशस्तम् ॥ ३९ ॥

[દ્રોહ કરવાનું મુહૂર્ત,]

ત્રણે પૂર્વા, અશ્લેષા, મઘા, ભરણી, શ્રવણ, ચિત્રા, ધનિષ્ઠા અને આર્દ્રા એ નક્ષત્રોમાં, મંગળ શનિ, શુક્ર અને રવિ એ વારોમાં તથા ચોથ, નોમ, ચૌદસ, પડવો, છઠ અને એકાદશી એ તિથિઓમાં દ્રોહ કર્મ કરવું એ ઉત્તમ છે.

अथयुद्धमुहूर्तः ।

स्वातिवाजिशशिभद्विदैवतंपौष्णभंचध्रुवसंज्ञकंतथा ॥
सौम्यशुक्रगुरुसूर्यवासरेह्याहवेहिविजयोजयातिथौ ॥ ४० ॥

[યુદ્ધ મુહૂર્ત]

સ્વાતી, અશ્વિની, મૃગશિર, વિશાખા, રેવતી, ત્રણે ઉત્તરા અને રોહિણી એ નક્ષત્રોમાં, બુધ, શુક્ર, ગુરૂ અને રવિ એ વારોમાં અને ત્રીજ, છઠ અને એકાદશી એ તિથિઓમાં યુદ્ધનો આરંભ જો કરવામાં આવે તો વિજય થાય છે. ૪૦

अथद्यूतमुहूर्तः ।

वसुभपवनशाक्रेपितृसार्पेद्विदैवेयमशतभिषपूर्वास्त्रीणिपुष्याश्विधिष्ण्ये।
शीशगुरुभृगुवोरनन्दपूर्णातिथौचअलिघटझषलग्नेद्यूतकार्यस्यासिद्धिः

[ધૂત-જુગારનું મુહૂર્ત.]

ધનિષ્ઠા, સ્વાતી, જ્યેષ્ઠા, મઘા, અશ્લેષા, વિશાખા, ભરણી, શતભિષા, ત્રણેપૂર્વા, પુષ્ય અને અશ્વિની એ નક્ષત્રોમાં, સોમ, ગુરૂ અને શુક્ર એ વારોમાં, પડવો, છઠ, એકાદશી, પાંચમ, દશમ અને પુનમ એ તિથિઓમાં અને કુંભ, મીન, અને વૃશ્ચિક એ લગ્નોમાં જુગાર રમવાથી અર્થ પ્રાપ્તિ થાય છે. ૪૧

अथचौरकर्ममुहूर्तः ।

सर्पार्द्राचान्तकस्वातिर्धनिष्ठाशक्रमैत्रभम् ॥
शनौभौमेचरिक्तायांचौरकर्मप्रसिद्ध्यति ॥ ४२ ॥

[ચોરી કરવાનું મુહૂર્ત.]

અશ્લેષા, આર્દ્રા, ભરણી, સ્વાતી, ધનિષ્ઠા, જ્યેષ્ઠા અને અનુરાધા, એ નક્ષત્રોમાં શનિ અને મંગળ એ વારોમાં અને ચોથ, નોમ તથા ચૌદ-સ એ તિથિએ ચોરી કરવાથી સિદ્ધ થાય છે. ૪૨

अथनवनगरप्रवेशमुहूर्तः ।

तपसिसहसिपौषेमाधवोर्जोनभोवा
गुरुभृगुबुधवारेनन्दपूर्णाजयासु ॥
मृदुध्रुवशशिनाग्निवासवेस्वातिऋक्षे
नवनगरनिवेशोवास्तुशास्त्रोपसिद्धिः ॥ ४३ ॥

[નવાં શહેરમાં પ્રવેશ કરવાનું મુહૂર્ત.]

માહ, માગશર, પોષ, વૈશાખ, કારતક તથા શ્રાવણ એ મહિનાઓમાં ગુરૂ, શુક્ર અને બુધ એ વારોમાં પડવો, છઠ, એકાદશી, પાંચમ, દશમ, પુ-નમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિઓમાં અને મૃગશિર, રેવતી, ચિત્રા, અનુરાધા, ત્રણે ઉત્તરા, રોહિણી, મૃગશિર, ધનિષ્ઠા અને સ્વાતી એ નક્ષત્રોમાં વાસ્તુશાસ્ત્રના અનુસાર નવા ગામમાં પ્રવેશ કરવો શુભ છે. ૪૩

अथनिधिक्षेपणोन्मूलनमुहूर्तः ।

मघामूलपूर्वात्रयंवायुताराविशाखान्तकंसार्पभौमार्कवारे ॥
तिथौपूर्णनन्दावटालौमृगेन्द्रेनिधिक्षेपणोन्मूलनेऽवश्यसिद्धिः ४४

[દ્રવ્ય સંચયનું મુહૂર્ત.]

મઘા, મૂળ, ત્રણે પૂર્વા, સ્વાતી, વિશાખા, ભરણી અને અશ્લેષા એ નક્ષત્રોમાં મંગળ તથા રવિવારે પાંચમ, દશમ, પુનમ, પડવો, છઠ અને એકાદશી એ તિથિયોમાં અને કુંભ, વૃશ્ચિક તથા સિંહલગ્નમાં દ્રવ્યને દાટવું તથા કાઢવું શુભ છે. ૪૪

अथमल्लयुद्धमुहूर्तः ।

अश्विनीशशिनिपौष्णभेध्रुवेमंदबुधशशिजेजयातिथौ ॥
कर्कसिंहमकरादिलग्नकेमल्लयुद्धमखिलेषुसिद्धिदम् ॥ ४५ ॥

(મલ્લ યુદ્ધનું મુહૂર્ત.]

અશ્વિની, મૃગશિર. રેવતી, ત્રણે ઉત્તરા અને રોહિણી એ નક્ષત્રોમાં, શનિ, રવિ અને બુધ એ વારોમાં ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિઓમાં તથા કર્ક, સિંહ અને મકર–આદિ લગ્નોમાં મલ્લયુદ્ધ કરવું સર્વત્ર શુભ છે. ૪૫

अथतोरणध्वजप्रासादकरणमुहूर्तः ।

मार्गवैशाखपौषेतपसिचशुभेरौद्रगोविन्दपुष्ये
ब्रह्माख्येत्र्युत्तरासुशतभिषवसुभेनन्दपूर्णाजयासु ॥
शुक्रेसौम्येन्दुवारेनृपहरिघटकेतोरणंसद्ध्वजावा
शस्तंप्रासादकृत्संह्युडुपतिसबलेविष्टिपातौविहाय ॥ ४६ ॥

[મેહેલ બનાવવાનું મુહૂર્ત.]

માગશર, વૈશાખ, પોષ અને માહ એ શુભ મહિનાઓમાં આર્દ્રા, શ્રવણ, પુષ્ય, રોહિણી, ત્રણે ઉત્તરા, શતભિષા અને ધનિષ્ઠા એ નક્ષત્રોમાં

પડવો, છઠ, એકાદશી, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિયોમાં, શુક્ર, બુધ અને સોમ એ વારે, વૃષ, સિંહ અને કુંભ એ લગ્નોમાં, બળવાન્ ચન્દ્રમામાં અને વિષ્ટિ, તથા પાત યોગનો ત્યાગ કરી, તોરણ, ધ્વજા અને મેહેલ બનાવવાં શુભ છે. ૪૬

अथारामपादपलतौषधारोपणमुहूर्तः ।

श्रीकण्ठसध्रुववसौशततारकायांशुद्धेचपुष्यशशिदि...वलेचपक्षे ॥
पूर्णाजयातिथिगुरुभृगुवासरेषुह्यारामपादपलतौषधरोपणंच ॥ ४७ ॥

[બગીચામાં વેલા તથા ઔષધી રોપવાનું મુહૂર્ત.]

આર્દ્રા, ત્રણે ઉત્તરા, રોહિણી, ધનિષ્ઠા, શતભિષા અને પુષ્ય નક્ષત્રોમાં બળવાન્ ચન્દ્રમામાં, શુક્લ પક્ષમાં, પાંચમ, દશમ, પુનમ, ત્રીજ, આઠમ અને તેરસ એ તિથિઓમાં તથા ગુરૂ અને શુક્રવારે બગીચા, વૃક્ષ, લતા, અને ઔષધ રોપવાં એ શુભ છે. ૪૭

अथसन्नाहशरवज्रकुंतछुरिकाधारणमुहूर्तः ।

पुष्येचादितिब्रह्मनामकशुभेशक्रोत्तरारेवतौ
स्वातौवाजिविशाषमैत्रशशिभेभानौगुरौभार्गवे ॥
कुम्भेकीटवृषेमृगेमृगपतौचन्द्रेशुभैर्वीक्षिते
संनाहंशरवज्रकुन्तछुरिकाधार्यानृभिःसिद्धये ॥ ४८ ॥

[હથિયાર ધારણ કરવાનું મુહૂર્ત]

પુષ્ય, પુનર્વસુ, રોહિણી, જ્યેષ્ઠા, ત્રણે ઉત્તરા, રેવતી, સ્વાતી, અશ્વિની, વિશાખા, અનુરાધા અને મૃગશિર એ નક્ષત્રોમાં, રવિ, ગુરૂ અને શુક્ર એ વારે, કુંભ, કર્ક, વૃષભ, મકર અને સિંહ એ લગ્નોમાં અને શુભ ગ્રહો-એ દેખેલા ચન્દ્રમામાં કવચ, બાણ, વજ્ર, ભાલા, અને છરી એ મનુષ્યોને ધારણ કરવાં શુભ છે. ૪૮

अथव्यापारकरणमुहूर्तः ।

मृगपुष्याऽश्विनीमैत्ररेवतीचकरत्रये ॥
शशौबृहस्पतौशुक्रेव्यापारःशुभदायकः ॥ ४९ ॥

[વ્યાપાર કરવાનું મુહૂર્ત.]

મૃગશિર, પુષ્ય, અશ્વિની, અનુરાધા, રેવતી, હસ્ત, ચિત્રા અને સ્વાતી એ નક્ષત્રોમાં તથા સોમ, ગુરૂ અને શુક્ર એ વારે વ્યાપાર કરવો શુભ છે. ૪૯

अथशिशूनांरविदर्शनमुहूर्तः ।

स्याद्द्वादशेह्निशुभदंरविदर्शनंच
सौम्याग्रहाऽर्कदिवसेनवबालकानाम् ॥
सूर्यस्यदर्शनमिदंप्रथमंशिशूनां
मासेचतुर्थकमितेगमनोक्तधिष्ण्ये ॥ ५० ॥

[બાળકને સૂર્ય દર્શન કરાવવાનું મુહૂર્ત.]

બાળકના જન્મ દિવસથી બારમે દિવસે, સોમ, બુધ, ગુરૂ અને શુક્ર એ વારોમાં, અશ્વિની, પુનર્વસુ, અનુરાધા, મૃગશિર, પુષ્ય, રેવતી, હસ્ત, શ્રવણ અને ધનિષ્ઠા એ નક્ષત્રોમાં નવીન બાળકને સૂર્યનાં દર્શન શુભ છે, અથવા જન્મથી ચોથે મહિને ઉપર કહેલાં નક્ષત્રોમાં બાળકને સૂર્યનાં દર્શન કરાવવાં શુભ છે. ૫૦

अथशिशुस्तनपानमुहूर्तः ।

पुनर्वसौपुष्यमघासुमूलेत्रिकोत्तरेचैवविशाखयोश्च ॥
वारेऽर्कजीवेबुधशुक्रचन्द्रेस्तनस्यपानंसुखदंसुतस्य ॥ ५१ ॥

[બાળકને ધવરાવવાનું મુહૂર્ત.]

પુનર્વસુ, પુષ્ય, મઘા, મૂળ, ત્રણે ઉત્તરા અને વિશાખા એ નક્ષત્રોમાં અને સૂર્ય, ગુરૂ, બુધ, શુક્ર અને સોમવારે બાળકને ધવરાવવું શુભકારી છે. ૫૧

अथनवगृहप्रवेशमुहूर्तः ।

मधौमाधवेमार्गशीर्षेचपौषेतपस्येनभोवासवेवारुणेच ॥
ध्रुवेवाकूपतौसौम्यशुक्रार्कवारेनवेमन्दिरेस्यात्प्रवेशश्शुभश्च ॥५२॥

[નવાં ઘરમાં પ્રવેશ કરવાનું મુહૂર્ત.]

ચૈત્ર, વૈશાખ, માગશર, પોષ, માહ અને ફાગણ એ મહિનાઓમાં, ધનિષ્ઠા, શતભિષા, ત્રણે ઉત્તરા, અને રોહિણી એ નક્ષત્રોમાં અને ગુરૂ, બુધ, શુક્ર અને સૂર્ય એ વારે નવાં ઘરમાં પ્રવેશ કરવો શુભ છે. ૫૨

अथमंथानकर्ममुहूर्तः ।

ध्रुवानुराधामृगरेवतीषुहस्तेचचित्रासुवसुत्रयेषु ॥
शुभेषुवारेषुसदाहिशस्तंमन्थानकार्यंप्रवदन्तिसंतः ॥५३॥

[મંથન કરવાનું મુહૂર્ત.]

ત્રણે ઉત્તરા, રોહિણી, અનુરાધા, મૃગશિર, રેવતી, હસ્ત, ચિત્રા, ધનિષ્ઠા, શતભિષા, અને પૂર્વાભાદ્રપદ એ નક્ષત્રોમાં અને શુભ વારોમા મંથન કાર્ય શુભકારી છે. એમ સંતોનું કહેવું છે. ૫૩

अथप्रस्थानस्थापनोचितद्रव्यविवेकः ।

यज्ञोपवीतंकथितंद्विजानांनृपस्यशस्त्रंसुमनोहरंच ॥
वैश्यस्यवस्त्रंकथितंद्विजेन्द्रैःशूद्रस्यधान्यंहिप्रयाणकाले ॥५४॥

[પ્રસ્થાનકાળે સ્થાપન કરવાની વસ્તુઓ.]

પ્રયાણ વેળાએ બ્રાહ્મણને જનોઇ, ક્ષત્રિયને સુંદર હથિયાર, વૈશ્યને વસ્ત્ર અને શુદ્રને અનાજ આ પ્રમાણે ચારે વર્ણે ક્રમવાર ચીજ પ્રસ્થાન કાળમાં સ્થાપન કરવી એ શુભકારી છે. ૫૪

अथमहिष्यश्वीगवांस्वामिमृत्युदप्रसूतिसमयविवेकः ।

माघेबुधेचमहिषीश्रावणेऽश्वीदिवारवौ ॥
सिंहेऽर्केकुजवारेगौःप्रसूतास्वामिमृत्युदा ॥ ५५ ॥

[ગાય–ભેંસ–આદિના પ્રસૂત કાળનું ફળ]

માહ માસમાં બુધવારે વિયાયેલી ભેંસ, શ્રાવણ માસ અને રવિવાર અને દિવસે વિયાયેલી ઘોડી, સિંહરાશિના સૂર્યમાં અને મંગળવારે વિયાયેલી ગાય, એ ત્રણે સ્વામીનું મરણ કરે છે. ૫૫

अथराशिषुवर्गोत्तमनवांशाविवेकः ।

आद्यश्चरेनवांशस्यस्थिरराशौतुपञ्चमः ॥
नवमोद्विःस्वभावाख्यो शुभोवर्गोत्तमोमतः ॥ ५६ ॥

[રાશિનો વર્ગોત્તમ.]

ચર અર્થાત્ મેષ, કર્ક, તુલ અને મકર એ રાશિયોમાં પ્રથમ નવાંશ વર્ગોત્તમ છે. સ્થિર રાશિ અર્થાત્ વૃષ, સિંહ, વૃશ્ચિક અને કુંભ એ રાશિયોમાં પાંચમો વર્ગોત્તમ છે. દ્વિઃસ્વભાવ રાશિમાં નવમો વર્ગોત્તમ છે. આ પ્રમાણે વર્ગોત્તમ શુભ માનેલ છે. ૫૬

अथप्राक्चलसंक्रमणानांफलम् ।

तथायनांशाःखरसाहताश्चस्पष्टार्कगत्याऽवहृतादिनाद्यैः ॥
मेषादितःप्राक्चलसंक्रमाःस्युर्दानेजपादौबहुपुण्यदास्ते ॥ ५७ ॥

[પ્રાક્ચલ સંક્રમણનું ફળ.]

પ્રથમ સૂર્યની ગતિને સ્પષ્ટ કરવી. પછી સાલના અયનાંશને સાઠથી ગુણવા. પછી સાઠથી ગુણેલા અયનાંશથી સ્પષ્ટ કરેલી સૂર્યની ગતિયોમાં

ભાગ દેવાથી જે ઘડી તથા પળ શેષ રહે તેને મેષસંક્રાંતિથી આદિ લઇ.
ત્યારે સંક્રાંતિનું પ્રાકૃચલ સંક્રમણ થાય છે. તે દાન તથા જપ–આદિમાં
પુષ્કળ પુણ્યને આપે છે. ૫૭

अथमृत्युकार्यमुहूर्तः।

ज्येष्ठाश्लेषाश्विनीपुष्यहस्तश्रवणकेषुच ॥
जीवज्ञशनिसोमेषुमृत्युकार्याणिकारयेत् ॥ ५८ ॥

[મૃત્યુકાર્યનું મુહૂર્ત.]

જ્યેષ્ઠા, અશ્લેષા, અશ્વિની, પુષ્ય, હસ્ત અને શ્રવણ એ નક્ષત્રોમાં
અને ગુરૂ, બુધ, શનિ, અને સોમ એ વારે મૃત્યુ ક્રિયા કરવી. ૫૮

इति श्री नीलकंठाचार्य विरचितायां अष्टपंचाशत श्लोक्या श्री
भारद्वाज गोत्रोद्भव व्यासकूळभूषण श्रीमन् व्यास
रणछोडजी सुनु कल्याणजी कृतं गुर्जर
भाषान्तरं सम्पूर्णम् ॥

प्रश्नपयोनिधि.

मंगलाचरणम्.

श्रीकृष्णंराधिकाकान्तं । वल्लभवल्लभनंदनम् ॥
ज्योतिर्विदांप्रसादाय । वक्ष्येप्रश्नपयोनिधिम् ॥ १ ॥

શ્રી રાધિકાજીના પતિ શ્રી કૃષ્ણચન્દ્ર અને શ્રી વલ્લભનંદન-શ્રી ગુસાંઈજીને પ્રણામ કરી, જ્યોતિષીઓની પ્રસન્નતાને માટે હું-રઘુનાથ, પ્રશ્નપયોનિધિ નામના ગ્રન્થને કહું છું. ૧

ग्रंथनीउत्कृष्टता.

भावि भूतं वर्त्तमानं विज्ञातुं ज्योतिषे कृतम् ॥
ग्रंथं प्रश्नात्मकंवक्ष्ये चमत्कृति करं परम् ॥ २ ॥

[ગ્રન્થની ઉત્કૃષ્ટતા.]

ભવિષ્યત્, ભૂત અને વર્તમાનનું શુભાશુભ જાણવાને માટે જે અત્યન્ત ચમત્કારીક. મહર્ષિયોએ કહેલ છે, તે પ્રશ્નના ગ્રન્થને કહું છું. ૨

संज्ञा.

ध्वजो धूम्रश्च सिंहश्च श्वानोवृष खरो गजः ॥
ध्वांक्ष श्चैवाष्टकं ज्ञेयं वर्गाणांहि यथाक्रमम् ॥ ३ ॥

[સંજ્ઞા.]

પ્રથમ ધ્વજા-આદિ સંજ્ઞાને કહે છે. જેમકે, ધ્વજ, ધૂમ્ર, સિંહ, શ્વાન, વૃષ, ખર, ગજ અને ધ્વાંક્ષ આ આઠ ક્રમવાર જીવોના સમૂહ છે. એ આઠથી પ્રથમ નામનો અક્ષર લેવો. ૩

ध्वजादिना स्वामी.

तदीशा सूर्य भौमौ च सितज्ञेज्याः शनि स्तथा ॥
यशयो श्चंद्रमा प्रोक्ताः प्रश्नावर्णाद्यतफलम् ॥ ४ ॥

[ધ્વજાદિકના સ્વામી.]

ધ્વજાનો સ્વામી સૂર્ય, ધૂમ્રનો સ્વામી મંગળ, સિંહનો સ્વામી શુક્ર, શ્વાનનો સ્વામી બુધ, વૃષનો સ્વામી ગુરૂ, ખરનો સ્વામિ શનિ, અને ગજ તથા ધ્વાંક્ષનો સ્વામી ચન્દ્રમા છે. એનું ફળ પ્રશ્નના (અ, ક, ચ, ટ, ત, પ, ય, શ) અક્ષર ક્રમથી કહેવું જોઇએ; અર્થાત્ અકાર-આદિ સ્વરોનું ફળ ધ્વજથી ક, ખ, ગ, ઘ, ઙ એ પાંચ અક્ષરોનું ફળ ધૂમ્રથી એ પ્રકારે અન્યનું પણ ક્રમવાર સમજી લેવું અને તેજ ગ્રહ વર્ગોના સ્વામી જાણવા. ૪

अस्तिनास्ति प्रश्न.

ध्वजे गजे वृषे सिंहे ह्यस्तिचैवं विनिर्दिशेत् ॥
ध्वांक्षे शुनिखरे धूम्रे नास्तिकार्यं वदेद् ध्रुवम् ॥५॥

[છે વા નથી તે પ્રશ્ન.]

ધ્વજ, ગજ, વૃષ અને સિંહ એ ચાર વર્ગમાં જો પ્રશ્ન ફુરે તો છે, અને ધ્વાંક્ષ, સ્વાન, ખર અને ધૂમ્ર એ વર્ગ જો પ્રશ્નમાં આવે તો નથી એમ કહેવું. આ પ્રમાણે ગર્ભણીના પ્રશ્ન-આદિમાં વિચાર કરવો જોઇએ. ૫

अथ धातु मूल जीव प्रश्न.

ध्वजे धूम्रे धातु चिन्ता गजे सिंहे च मूलकम् ॥
खरे शुनि वृषे ध्वांक्षे जीव चिन्तां वदेत्सुधी ॥ ६ ॥

[ધાતુ, મૂલ અને જીવ પ્રશ્ન.]

જે પ્રશ્નમાં ધ્વજ અને ધૂમ્ર આવે તો ધાતુ ચિંતા છે. અને ગજ,

સિંહ આવે તો મૂળ ચિંતા અને ખર, શ્વાન, વૃષ અને ધ્વાંક્ષ આવે તો જીવ ચિન્તા કહેવી. ૬

धातुनो निर्णय.

ध्वजेतु स्वर्ण विज्ञेयं धूम्रे रूप्यं तथैवच ॥
सिंहे ताम्रंच विज्ञेयं शुनि लोहं तथैवच ॥ ७ ॥
वृषेकांश्यं खरे नागं पित्तलंच गजेवदेत् ॥
ध्वांक्षेजस्तं च विज्ञेयं कथितं गणकोत्तमैः ॥ ८ ॥

[ધાતુનો નિર્ણય.]

પ્રશ્નમાં ધ્વજથી સુવર્ણ ધાતુ ચિંતા જાણવી. ધૂમ્રથી ચાંદી, સિંહમાં તામ્ર અને શ્વાનમાં લોહું કહેવું. ૭

વૃષમાં કાંસુ, ખરમાં સીસું, ગજમાં પીતળ અને ધ્વાંક્ષમાં જસત કહેવું આ પ્રમાણે ગણિત શાસ્ત્રના જ્ઞાતાઓનું કહેવું છે. ૮

अथ भूषण प्रश्न.

ध्वजेच भूषणं मूर्द्धि धूम्रेच मुख भूषणम् ॥
कंठस्याभरणं सिंहे कर्णयोः भूषणं शुनि ॥ ९ ॥
वृषे हस्तस्य विज्ञेय चाङ्गुली भूषणं खरे
गजे च कटिसूत्रंच ध्वांक्षे पादस्य भूषणम् ॥ १० ॥

[ભૂષણ પ્રશ્ન.]

ધ્વજમાં મસ્તકનું, ધૂમ્રમાં મુખનું, સિંહમાં કંઠનું, શ્વાનમાં કાનનું આભૂષણ કહેવું. ૯

વૃષમાં હાથનું, ખરમાં આંગળીઓનું, ગજમાં કમરનું અને ધ્વાંક્ષમાં પગનું આ પ્રકારે આભૂષણ વિષે પ્રશ્ન કહેવું. ૧૦

अथ मूल प्रश्न निर्णय.

ध्वजेतु पत्रं विज्ञेयं धूम्रेपुष्पं समादिशेत् ॥
सिंहे फलंच विज्ञेयं शुनिकाष्ठादिकं तथा ॥ ११ ॥
वृषेधान्यादिकं प्रोक्तं तृणानि खर संज्ञके ॥
गजे बीजंच विज्ञेयं ध्वांक्षेचैव तथा विधम् ॥ १२ ॥

[મૂળ પ્રશ્ન નિર્ણય.]

ધ્વજમાં પત્ર, ધૂમ્રમાં પુષ્પ, સિંહમાં ફળ, સ્વાનમાં કાષ્ટ-આદિ, વૃષમાં ધાન્યાદિ, ખરમાં તૃણ, ગજમાં બીજ-આદિ અને ધ્વાંક્ષમાં અનાજ કહેવું. આ મુઠીના પ્રશ્નમાં કામ આવે છે. ૧૧-૧૨

अथ मुष्टिगत वस्तु वर्ण प्रश्न.

कुसुमाभं ध्वजे ज्ञेयं धूम्रेतंदुलमेवच ॥
लोहिताङ्गंच सिंहेच शुनिपांडुर नीलकम् ॥ १३ ॥
पीतवर्णं वृषेज्ञेयं खरेच धूम्रकं वदेत् ॥
गजेज्ञेयं श्यामवर्णं ध्वांक्षेच मिश्रवर्णकम् ॥ १४ ॥

[મુષ્ટિગત વસ્તુ વર્ણ પ્રશ્ન.]

ધ્વજમાં કુસુમ-પુષ્પ સદૃશ. ધૂમ્રમાં તંદુલ-ચામર-આદિ, અથવા સ્વેત રંગ કહેવો. સિંહમાં લાલ, સ્વાનમાં પાંડુ વા, કાળો, વૃષમાં પીળો, ખરમાં ધૂમ્ર, ગજમાં શ્યામ અને ધ્વાંક્ષમાં મિશ્રવર્ણ આ પ્રકારે મુષ્ટીગત વસ્તુ વિષે કહેવું. ૧૩-૧૪

अथ जीव प्रश्न.

ध्वजे धूम्रे गजे सिंहे नर चिन्ता विनिर्दिशेत् ॥
खरे शुनी वृषे ध्वांक्षे चतुष्पादात्समुद्भवम् ॥ १५ ॥

[જીવ પ્રશ્ન.]

ધ્વજ, ધૂમ્ર, ગજ, અને સિંહમાં નરની ચિંતા કહેવી, અને ખર, શ્વાન, વૃષ તથા ધ્વાંક્ષ આવેતો ચતુઃષ્પાદની ચિંતા કહેવી. ૧૫

अथ गर्भमां पुत्रकन्या प्रश्न.

ध्वजे गजे वृषे सिंहे गर्भिण्यां पुत्रमादिशेत् ॥
धूम्रे शुनि खरे ध्वांक्षे कन्या जन्म विनिर्दिशेत् ॥ १६ ॥

[ગર્ભમાં પુત્ર છે કે પુત્રી.]

ધ્વજ, ગજ, વૃષ અને સિંહમાં પુત્રનો જન્મ કહેવો, અને ધૂમ્ર, શ્વાન, ખર અને ધ્વાંક્ષમાં કન્યાનો જન્મ કહેવો. ૧૬

अथ आयु प्रश्न.

ध्वजे सिंहे शतं प्रोक्तं गजेव्योमाष्टकं तथा ॥
वृषेच षष्ठि वर्षाणि खरे व्योमाब्धिसंज्ञकम् ॥ १७ ॥
शुनि विंशतिकं प्रोक्तं ध्वांक्षे षोडशकं तथा ॥
धूम्रेवर्ष मितं ज्ञेयं मितायुर्ज्ञानमादिशेत् ॥ १८ ॥

[આયુ પ્રશ્ન.]

ધ્વજ તથા સિંહ આવેતો એકસોવર્ષનું આયુષ્ય જાણવું, ગજમાં ૮૦, વૃષમાં ૬૦, ખરમાં ૪૦, શ્વાનમાં ૨૦, ધ્વાંક્ષમાં સોળ અને ધૂમ્રમાં માત્ર એક વર્ષનુંજ આયુષ્ય કહેવું. આ પ્રકારે આયુષ્યનું પ્રમાણ કહેવું. ૧૭—૧૮

अथ लाभालाभ प्रश्न.

ध्वजे वृषे गजे सिंहे शीघ्रलाभं भवेद् ध्रुवम् ॥
ध्वांक्षे शुने खरे धूम्रे नाशस्त्वकलहस्तथा ॥ १९ ॥

[લાભાલાભ પ્રશ્ન.]

ધ્વજ, વૃષ, ગજ, અને સિંહ પ્રશ્ન આવેતો તુરત લાભ થશે. અ-

ને જો ધ્વાંક્ષ, શ્વાન, ખર અને ધૂમ્ર આવેતો લાભનો નાશ થાય ક્લેશ થાય એમ કહેવું. ૧૯

અથ પ્રવાસ કુશલાકુશલ પ્રશ્ન.

ध्वजे गजे वृषे सिंहे प्रवासे कुशलंवदेत् ॥
ध्वांक्षे शुने खरे धूम्रे नास्तिति कुशलं वदेत् ॥ २० ॥

[પ્રવાશ કુશલાકુશલ પ્રશ્ન.]

ધ્વજ, ગજ, વૃષ અને સિંહ આવેતો પ્રદેશમાં કુશલ છે. અને જો ધ્વાંક્ષ, શ્વાન, ખર અને ધૂમ્ર આવેતો અકુશલ છે એમ કહેવું. ૨૦

અથ ચરસ્થિર પ્રશ્ન.

ध्वजे गजे स्थिरश्चैव शुने सिंहे चरस्तथा ॥
वृषे धूम्रे प्रयाणस्थ खरे ध्वांक्षेच कष्टकृत् ॥ २१ ॥

[ચરસ્થિર પ્રશ્ન.]

ધ્વજ, અને ગજ આવેતો સ્થિર-એકજ સ્થળે કહેવું, શ્વાન તથા સિંહમાં ચર, અને વૃષ તથા ધૂમ્રમાં ત્યાંથી નિકળી ચુકેલ છે તથા ખર અને ધ્વાંક્ષમાં કષ્ટ યુક્ત છે એમ કહેવું, ૨૧

અથાગમન પ્રશ્ન.

ध्वजे धूम्रे समीपस्थो दूरस्थो गजसिंहयोः ॥
वृषे खरेच मार्गस्थो ध्वांक्षे श्वाने पुनर्गतः ॥ २२ ॥

[આગમન પ્રશ્ન.]

ધ્વજ તથા ધૂમ્રમાં સમીપ છે ગજ અને સિંહ આવેતો દૂર છે એમ કહેવું, વૃષ અને ખર આવેતો રસ્તામાં છે, તથા ધ્વાંક્ષ અને શ્વાનમાં પુનઃગયેલ છે એમ કહેવું. ૨૨

(के)टले दिवसे आवशे वा केटले दिवसे कार्य थशे.

ध्वजेपक्ष मिते प्रोक्तं । धूम्रे सप्त दिनानिच ॥
एक विंशतिकं सिंहे । श्वानेमासं तथैवच ॥ २३ ॥
वृषेच सार्धमासंतु । खरे मास द्वयंतथा ॥
गजे मासे त्रयं प्रोक्तं । ध्वांक्षेचैवायनं तथा ॥ २४ ॥

[કેટલે દિવસે આવશે વા કેટલે દિવસે કાર્ય થશે.]

ધ્વજમાં પનર દિવસની અવધિ કહેવી. ધૂમ્રમાં સાત દિવસ, સિંહ માં અકવીશ દિવસ કહેવા. શ્વાનમાં એકમાસ, વૃષમાં દોઢમાસ, ખરમાં બે માસ ગજમાં ત્રણ માસ અને ધ્વાંક્ષમાં છમાસે આવશે અથવા કાર્ય થશે એમ કહેવું. ૨૩—૨૪

अथ गतवस्तु लाभालाभ प्रश्न.

ध्वजे गजे वृषे सिंहे गतोलाभंतु निश्चितम् ॥
ध्वांक्षे धूम्रे खरे श्वाने नष्ट हानिश्च निश्चितम् ॥२५॥

[ગત વસ્તુ લાભાલાભ પ્રશ્ન]

ધ્વજ, ગજ, વૃષ અને સિંહમાં વસ્તુ ગઇ હોયતો અવસ્ય મળશે. અને ધ્વાંક્ષ, ધૂમ્ર ખર અને શ્વાનમાં વસ્તુ ગઈ હોય તો મળવાની આશા નથી. ૨૫

कई दिशामां वस्तू गई छे.

ध्वजे पूर्वगतं चैव धूम्रेचाग्नेयगं गतः ॥
सिंहेच दक्षिणे ज्ञेयं नैऋत्ये शुनिचैवहि ॥ २६ ॥
पश्चिमे वृषभं ज्ञेयं वायव्ये खरमे तथा ॥
उत्तरेच गजेज्ञेया ध्वांक्षे चैशान दिग्गतः ॥ २७ ॥

[કઇ દિશામાં વસ્તુ ગએલી છે ?]

ધ્વજમાં પૂર્વ દિશામાં, ધૂમ્રમાં અગ્નિ ખૂણામાં, સિંહમાં દક્ષિણ દિશામાં, શ્વાનમાં નૈઋત્ય ખૂણામાં, વૃષમાં પશ્ચિમ દિશામાં, ખરમાં વાયવ્ય ખૂણામાં, ગજમાં ઉત્તર દિશામાં અને ધ્વાંક્ષમાં ઇશાન ખૂણામાં, વસ્તૂ ગયેલી છે. આ પ્રકારે દિશાઓ બતાવવી. ૨૬—૨૭

अथ गतवस्तू दिशाप्रश्न.

उलूखले ध्वजेनष्टं धूम्रेचाग्नि गृहे तथा ॥
गजे सिंहे वने चैव शुनिस्थानांतरेपिच ॥ २८ ॥
वृषे भांडगतं चैव काष्टे शैलांतरे तथा ॥
खरे नष्टं गृहेज्ञेयं ध्वांक्षे नैव गतंधनम् ॥ २९ ॥

[કયા સ્થાનમાં વસ્તુ ગયેલી છે ?]

ધ્વજમાં ખાંડણીયાં નીચે જમીનમાં છે, ધૂમ્રમાં રસોડામાં છે, ગજ અને સિંહમાં વનમાં, શ્વાન આવે તો અન્યના ઘરમાં, વૃષ આવે તો વાસણમાં વા, પથ્થર નીચે, ખરમાં ઘરમાંજ અને ધ્વાંક્ષ આવે તો ચોરાયલ નથી એમ કહેવું. ૨૮–૨૯

अथ चौर जाति ज्ञान प्रश्न.

ध्वजेच ब्राह्मणं चौरं धूम्रे क्षत्रिय एवच ॥
सिंहे वैश्यंतु विज्ञेयं शुनि शूद्र स्तथैवच ॥ ३० ॥
वृषेच धार्मिकोज्ञेयं खरेतु सेवक स्तथा ॥
गजेदासीति विज्ञेया ध्वांक्षे रजक नापितौ ॥ ३१ ॥

[ચોરજાતિ જ્ઞાન પ્રશ્ન.]

ધ્વજ આવે તો બ્રાહ્મણ, ધૂમ્ર આવે તો ક્ષત્રિ, સિંહમાં વૈશ્ય, શ્વાનમાં શુદ્ર, વૃક્ષમાં ધર્માત્મા, ખરમાં, નોકર, ગજમાં દાસી, અને ધ્વાંક્ષમાં ધોબી તથા હજામ, વગેરે કહેવા. ૩૦–૩૧

अथ दान प्रश्न.

गोधूमान्नं ध्वजेदद्याव धूम्रेचैवं तिलान्नकम् ॥
पीत वस्त्रंच सिंहेच शुनिमिष्टान्न मेवच ॥ ३२ ॥
वृषेतु तंदुलं ज्ञेयं खरे चणकसंज्ञकम् ॥
गजे चैव गुडंदद्यात् ध्वांक्षे दद्याद्यवान्नकम् ॥ ३३ ॥

[દાન પ્રશ્ન.]

ધ્વજમાં ઘઉંનું દાન કરવું, ધૂમ્રમાં તલનું, સિંહમાં પીળાં વસ્ત્રનું, શ્વાનમાં મિષ્ટાન્ન, વૃષમાં ચામર, ખરમાં ચણા, ગજમાં ગોળ અને ધ્વાંક્ષમાં યવનું દાન કરવું. ૩૨-૩૩

अथ देवजन पूजा प्रश्न.

ध्वजे भैरवपूजास्यात् धूम्रेच जगदंबिका ॥
सिंहेच सूर्य भक्तिश्च शुनि वायुसुत स्तथा ॥ ३४ ॥
वृषेच रुद्र पूजास्यात् खरे वागीश्वरी तथा ॥
गणेशस्य गजे ज्ञेयो ध्वांक्षेच पितृ पूजनम् ॥ ३५ ॥

[દેવપૂજા પ્રશ્ન.]

ધ્વજમાં ભૈરવ, ધૂમ્રમાં જગદમ્બા અને સિંહમાં સૂર્યનારાયણની, આરાધના કરવી. શ્વાનમાં શ્રી હનુમાનજી તથા વૃષમાં શ્રી સદાશિવજીની પૂજા કરવી. ખરમાં શ્રી સરસ્વતીજી, ગજમાં શ્રી ગણેશજી, અને ધ્વાંક્ષમાં પિતૃગણની પૂજા કરવી. ૩૪-૩૫

अथ सत्यासत्य प्रश्न.

ध्वजे वृषे सिंह गजे चएव उप श्रुतिस्या द्भवती तिसत्या ॥
खरे शुनि ध्वांक्षच धूम्र संज्ञे उपश्रुति स्याद्भवतीतिमिथ्या ॥ ३६ ॥

[સત્યાસત્ય પ્રશ્ન.]

ધ્વજ વૃષ, સિંહ અને ગજ એ વર્ગમાં પ્રશ્ન કરે, તો શત્રુનું આવવું સમજવું, તથા સત્ય વાર્ત્તા જાણવી, અને ખર શ્વાન, ધ્વાંક્ષ તથા ધૂમ્રમાં જો શ્રવણ કરે, તો કહેવું કે અસત્ય વાર્ત્તા છે. ૩૬

अथ जयाजय प्रश्न.

ध्वजे वृषे गजे सिंहे स्थायिनो जयमा दिशेत् ॥
खरे श्वाने तथा धूम्रे ध्वांक्षेच यायिनो जंय ॥ ३७ ॥

[જયાજય પ્રશ્ન.]

ધ્વજ, વૃષ, ગજ અને સિંહ આવે તો સ્થાઇનો જય થશે, અને ખર, શ્વાન, ધૂમ્ર અને ધ્વાંક્ષ આવે તો આવનારનો શત્રુ જય થશે. ૩૭

अथ वृष्टि प्रश्न.

धूम्रे वृषे गजे श्वाने ॥ वृष्टिर्भवति चोत्तमा ॥
सिंहे ध्वजे मध्यमा स्यात् खरे ध्वांक्षेन वर्षति ॥ ३८ ॥

[વૃષ્ટિ પ્રશ્ન.]

ધૂમ્ર, વૃષ, શ્વાન અને ગજમાં જો પ્રશ્ન કરે તો, ઉત્તમ વર્ષા થશે એમ કહેવું, અને સિંહ તથા ધ્વજમાં મધ્યમ વૃષ્ટિ તથા ખર અને ધ્વાંક્ષમાં વૃષ્ટિ નહિ થાય એમ કહેવું. ૩૮

अथ वृष्टि दिवस प्रश्न.

धूम्रे सप्त दिनंप्रोक्तं वृषे दिग्भिस्तथैवच ॥
श्वाने विंशतिभिर्ज्ञेया गजेतु सप्त विंशकैः ॥ ३९ ॥
सिंहे ध्वजेच व्योमाब्धे खरे ध्वांक्षे ऋतौतदा ॥
एवंच वृष्टि संज्ञानं कथितं गणकोत्तमैः ॥ ४० ॥

[કેટલા દિવસમાં વૃષ્ટિ થશે?]

ધૂમ્રમાં સાત દિવસમાં વર્ષા થશે, અને વૃષમાં દશ દિવશમાં, શ્વાન આવે તો વીશ દિવસમાં, ગજ આવે તો સત્તાવિશ દિવસમાં, સિંહ અને ધ્વજ આવે તો ચાલીશ દિવસમાં અને ખર તથા ધ્વાંક્ષ આવે તો બે માસમાં વૃષ્ટિ થશે, એમ ઉત્તમ જ્યોતિષીએ કહેવું. ૩૯-૪૦

अथ व्यवहार प्रश्न.

ध्वजं वृषं गजं सिंहं व्यवहारे शुभावहम् ॥
ध्वांक्षं श्वानं खरं धूम्रं कलहश्चाशुभप्रदा ॥ ४१ ॥

[વ્યવહાર પ્રશ્ન.]

ધ્વજ, વૃષ, ગજ અને સિંહ આવે તો વ્યવહાર કરવો શુભ છે, અને ધ્વાંક્ષ, શ્વાન, ખર અને ધૂમ્ર આવે તો વ્યવહારમાં કલહ ઉત્પન્ન થશે, અને તે અશુભ છે. એમ કહેવું. ૪૧

अथ नौका प्रश्न.

ध्वजे गजे वृषे सिंहे नौकाच कुशलप्रदा ॥
ध्वांक्षे धूम्रे शुनि खरे नौकाहानिस्तु जायते ॥४२॥

[નૌકા પ્રશ્ન.]

ધ્વજ, ગજ, વૃષ અને સિંહ આવે તો કહેવું કે વાહાણ નિર્વિઘ્ને આવશે અને લાભ પણ થશે. અને જો ધ્વાંક્ષ ધૂમ્ર, શ્વાન અને ખર આવે તો વાહાણ મહાસમુદ્રમાં ડૂબશે, તથા મહાહાની થશે. ૪૨

अथ राज्यप्राप्ति प्रश्न.

ध्वजे गजे चिरात्प्राप्ति वृषे सिंहेच शीघ्रतः ॥
खरे श्वाने पदप्राप्ति शत्रून् गृह्णातिसत्वरः ॥ ४३ ॥
ध्वांक्षे धूम्रे पदं नास्ति कलहो भ्रातृभिःसह ॥
राजयोग विचारस्थ कथितोगणकोत्तमैः ॥ ४४ ॥

[રાજ્ય પ્રાપ્તિ પ્રશ્ન.]

ધ્વજ તથા ગજમાં ઘણા કાળે રાજ્ય પ્રાપ્તિ થાય. વૃષ અને સિંહ તુરત, ખર અને શ્વાનમાં પ્રાપ્તિ ન થાય, અને શત્રુના હાથમાં પકડાઇ જાય, ધ્વાંક્ષ અને ધૂમ્રમાં રાજ્ય ન મળે અને ભાઇ તથા પુત્ર સાથે કલહ થાય, એ પ્રમાણે જ્યોતિષવેત્તાઓએ રાજયોગ કહેલ છે. ૪૩-૪૪

अथ अधिकार प्राप्ति प्रश्न.

गजे ध्वजे चिरात् प्राप्ति वृषे सिंहेच शीघ्रता ॥
कालिः श्वानि खरे चैव नास्तीति ध्वांक्ष धूम्रयोः ॥ ४५ ॥

[અધિકાર પ્રાપ્તિ પ્રશ્ન.]

ગજ તથા ધ્વજમાં ઘણા કાળે અધિકારની પ્રાપ્તિ થાય. વૃષ તથા સિંહમાં તુરત પ્રાપ્ત થાય. શ્વાન તથા ખરમાં કલેશ થાય, ધ્વાંક્ષ તથા ધૂમ્રમાં અધિકાર ન મળતાં ઉલટો કલેશ થાય. ૪૫

अथ ग्रामप्राप्ति प्रश्न.

ध्वजे गजे वृषे सिंहे ग्रामप्राप्तिस्तु निश्चितम् ॥
खरे श्वानि तथा ध्वांक्षे धूम्रे नास्तीति संवदेत् ॥ ४६ ॥

[ગ્રામ પ્રાપ્તિ પ્રશ્ન.]

ધ્વજ, ગજ, વૃષ અને સિંહ આવે તો રાજદરબાર તરફથી ગામની પ્રાપ્તિ થાય. અને ખર, શ્વાન, ધ્વાંક્ષ, તથા ધૂમ્ર આવે તો પ્રાપ્તિ થાય નહિ. ૪૬

अथ स्त्रीलाभ (प्राप्ति) प्रश्न.

ध्वजे सिंहे वृषे प्राप्ते, स्वरुपा चार युक् स्त्रियः ॥
श्वानि गर्दभ काकेच नागे कार्य विनाशकः ॥ ४७ ॥

[સ્ત્રી લાભ પ્રશ્ન]

ધ્વજ, સિંહ, ધૂમ્ર અને વૃષ આવે તો સદાચાર, સારા ગુણવાળી અને સ્વરૂપવાન્ સ્ત્રીની પ્રાપ્તિ થશે એમ કહેવું. અને શ્વાન, ખર, ધ્વાંક્ષ

ગજ આવે તો કાર્યની હાનિ થાય; અર્થાત્ સ્ત્રી મળે નહિ. અને ટો ક્લેશ થાય એમ કહેવું. ૪૭

अथ कार्य सिद्धि प्रश्न.

ध्वजे गजे चिरं कार्यं वृष सिंहे चिरेणच ॥
कालासये खरे श्वाने ध्वांक्षे धूम्रेन कार्यं कृत् ॥ ४८ ॥

[કાર્ય સિદ્ધિ પ્રશ્ન.]

ધ્વજ તથા ગજમાં ધીરે ધીરે કાર્ય થાય, વૃષ તથા સિંહમાં તુરત થાય. ખર અને શ્વાનમાં ઘણે કાળે કાર્યની સિદ્ધિ થાય, અને ધૂમ્રમાં કાર્યની સિદ્ધિ થાય નહિ એમ કહેવું. ૪૮

अथ बंदीमोक्ष प्रश्न.

धूम्रे श्वान खरे ध्वांक्षे बंदिनो मोक्ष मादिशेत् ॥
वृषे गजे ध्वजे सिंहे नास्तिमोक्षंच कष्टदम् ॥ ४९ ॥

[કેદી છુટશે કે નહિ ?]

ધૂમ્ર, શ્વાન, ખર અને ધ્વાંક્ષમાં પ્રશ્ન કરે તો કેદી તુરત છુટશે, એમ કહેવું. અને વૃષ, ગજ, ધ્વજ તથા સિંહમાં પ્રશ્ન કરે, તો છુટશે નહિ, તથા ઘણા દિવસ કષ્ટ ભોગવશે એમ કહેવું. ૪૯

अथ बन्दीमोक्ष दिवस प्रश्न.

ध्वजे सप्तदिनं सिंहे पक्षमेकंतु निश्चितम् ॥
वृषे गजे खरे श्वाने भूवन्हि रस मासकम् ॥ ५० ॥
ध्वांक्षे धूम्रे वर्ष मेकं बंदीमोक्षोदिनावधिः ॥ ५१ ॥

[કેદી કેટલે દિવસે છૂટશે ?]

ધ્વજમાં સાત દિવસે છુટશે, સિંહમાં પનર દિવસે, વૃષ આવે તો એક મહિને, ગજ આવે તો ત્રણે મહિને, શ્વાન તથા ખર આવે તો છ માસે અને ધ્વાંક્ષ તથા ધૂમ્ર આવે તો એક વર્ષે છુટશે. આ પ્રમાણે કેદી સંબંધી પ્રશ્ન કહેવા. ૫૦–૫૧

(इति प्रश्नपयोनिधि समाप्त.)

નવીન જાહેરખબર.

શ્રી ગોવર્દ્ધનનાથજીનાં રંગીન ચિત્રવાળું

[શ્રીધરી ટીકાને અનુસારે.]

શ્રીમદ્ ભાગવત

નું

ગુજરાતી ભાષાન્તર.

શ્રીધરી ટીકાના અનુસાર આ ભાષાન્તર, ઘણી સરળ ભાષામાં તૈયાર કરાવવામાં આવ્યું છે. શંકા, સમાધાનસહ, વિશેષ રસિક અને વિશેષ ચિતાકર્ષક કરવામાં લખનાર **રા. કલ્યાણજી રણછોડજી વ્યાસે** જરાપણ ન્યૂનતા રાખી નથી. પ્રસંગવસાત્ ભાગવત્‌ની જે જે અન્ય ટીકાઓ છે, તેના દાખલાઓ પણ આપવામાં આવ્યા છે. તેથી અમો નિઃશંકપણે જરાપણ અતિશયોક્તિ કરયા વગર કહીએ છીએ કે, આ શ્રીમદ્ ભાગવતના ભાષાન્તરની બરોબરી કરી શકે, એવું એકપણ શ્રીમદ્ ભાગવતનું ભાષાન્તર આજ પર્યન્ત પ્રકટ થયું નથી. પુંઠાં ખાસ વિલાયતથી મંગાવેલા છે. છતાં કિમ્મત માત્ર સાડાચાર રૂપિયા. દેશાવરના ગ્રાહકોને પોષ્ટેજ જુદું આપવું પડશે.

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ

જાહેર ખબર.

મણિરત્નમાલા.

(લખનાર કલ્યાણજી રણછોડજી વ્યાસ.)

આ ગ્રન્થ મહાગહન છે. તેનો ઉપદેશ કરવામાં ગુરૂને પણ પરિશ્રમ પડે તેમ છે. અને ગુરૂ ઉપદેશ આપે; તોપણ સંસ્કૃત ભાષાનાં સમ્પૂર્ણ જ્ઞાન વગર તેનો યથાર્થ ઉપદેશ ગ્રહણ કરી શકાય તેમ ન હોવાથી, એ ગ્રન્થનું શુદ્ધ–સરળ ગુજરાતી ભાષાન્તર કરવામાં આવ્યું છે. જેથી અધિકારી વર્ગને સમજવું સુગમ થઇ પડે તેમ છે. પુંઠાં વિલાયતથી ખાસ મંગાવેલાં છે. કિમ્મત એક રૂપિયો. પોષ્ટેજ નિરાળું.

શ્રીમદ્ ભગવદ્ગીતા–નું ભાષાન્તર શ્રીધરી ટીકાને અનુસાર ઘણીજ સરળ ભાષામાં **રા. કલ્યાણજી રણછોડજી વ્યાસની** પાસે તૈયાર કરાવવામાં આવ્યું છે સ્થળે સ્થળે ટિપ્પણ આપવામાં આવ્યું છે, જેથી કોઇ પણ પ્રકારની શંકાને જન્મ મળતો નથી. મુમુક્ષુઓને આ પુસ્તક અતિ ઉપયોગી થઇ પડે તેવું છે. પુજામાં કામ આવે માટે રેશમી પુંઠાથી બાંધેલ ગુટકાના આકારે તયાર છે. કિમ્મત માત્ર દસ આના.

યોગ ચિન્તામણિ—વૈદ્યકનું આ અત્યુત્તમ પુસ્તક છે. તેનું ગુજરાતી ભાષાન્તર અમારા તરફથીજ પ્રથમ પ્રકટ થયેલું છે. આ એકજ પુસ્તક એક ઉત્તમ વૈદ્યની ખોટ પુરી પાડે તેમ છે. પ્રત્યેક કુટુંબમાં રાખવા લાયક છે. ભાષા શુદ્ધ અને સરળ છે. કિમ્મત માત્ર રૂપિયો દોઢ.

સતી દમયન્તી—આ પુસ્તક પ્રત્યેક ગૃહસ્થને ઘરમાં રાખવા લાયક છે. આ પુસ્તક સ્ત્રીઓને વાસ્તવિક પાતિવ્રત ધર્મ શિખવનાર છે. સંકટ સમય ધૈર્યનું શિક્ષણ આપનાર આના જેવું બીજું એક પણ પુસ્તક નથી. માટે પ્રત્યેક સદ્ગૃહસ્થે આ પુસ્તકનો અલભ્યલાભ લેવા ચુકવું નહિ. કિમ્મત આના ત્રણ.

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણદરવાજા—અમદાવાદ.

ાર્તા.

ક વોડ઼ા
રીને એક
તી. અલી
ા બટાક
ે નખરાં-
લક્ષણ